**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 16 ફેબ્રુઆરી 2017

## IT લેણાં અગાઉ થી RBI માં અથવા અધિકૃત બેંક શાખાઓમાં ચૂકવો-માર્ચ 2017

ભારતીય રિઝર્વ બેંક કરદાતાઓને તેમના આવક-વેરાના લેણાં ની ચુકવણી દેય તારીખ (Due date) થી પૂરતા પ્રમાણ માં અગાઉ થી ચુકવવા માટે અપીલ કરેલ છે. તેણે એમ પણ જણાવ્યું છે કે કરદાતા વૈકલ્પિક ચેનલ જેવી કે એજન્સી બેંકો ની પસંદગી યુક્ત શાખાઓ અથવા આ બેંકો દ્વારા કરાતા ઓન લાઈન કર ની ચુકવણી ની સવલતો ના પ્રસ્તાવ નો ઉપયોગ કરી શકે છે. તે રિઝર્વ બેંક ના કાર્યાલયો માં લાંબી લાઈનો માં ઉભા રહેવાની અગવડ દુર કરે છે.

એવું જોવા મળે છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા મારફત આવક વેરા ના લેણાં ની ચુકવણી માટે નો ધસારો દર વર્ષે માર્ચ મહિના ના અંત માં ઘણોજ  ભારે હોય છે અને રિઝર્વ બેંક માટે પણ શક્ય એટલા વધુમાં વધુ વધારા ના કાઉન્ટરો પુરા પાડવા છતાં પણ રસીદો જારી કરવાના દબાણ નો સામનો કરવો મુશ્કેલ બની જાય છે.

29 એજન્સી બેંકો ને આવક વેરા ના લેણાં ની ચુકવણી સ્વીકારવા માટે અધિકૃત કરવામાં આવી છે. આ બેંકો:

1. અલ્લાહાબાદ બેંક
2. આંધ્ર બેંક
3. બેંક ઓફ બરોડા
4. બેંક ઓફ ઈન્ડિયા
5. બેંક ઓફ મહારાષ્ટ્ર
6. કેનરા બેંક
7. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા
8. કોર્પોરેશન બેંક
9. દેના બેંક
10. આઈડીબીઆઈ બેંક
11. ઈન્ડિયન બેંક
12. ઈન્ડિયન ઓવરસીસ બેંક
13. ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ
14. પંજાબ એન્ડ સિંધ બેંક
15. પંજાબ નેશનલ બેંક
16. સીન્ડીકેટ બેંક
17. યુકો બેંક
18. યુનિયન બેંક ઓફ ઈન્ડિયા
19. યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા
20. વિજયા બેંક
21. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
22. સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર
23. સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ
24. સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર
25. સ્ટેટ બેંક ઓફ મૈસુર
26. સ્ટેટ બેંક ઓફ પટિયાલા
27. એચ. ડી. એફ. સી. બેંક લી.
28. એક્સિસ બેંક લી.
29. આઇ. સી. આઇ. સી. આઈ. બેંક લી.

અજીત પ્રસાદ
સહાયક સલાહકાર

પ્રેસ પ્રકાશન: 2016-2017/2208